## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, આમ તો અમારા એરીયામાં 'વોટર'ની જરૂર છે. ચૂંટણી બાદ તમે એ આપી શકો તેમ ન હો તો અત્યારે 'ક્વાર્ટર' આપી વાત પતાવી શકો છો...!!

# કોંગ્રેસના ૧૫ સભ્યોના રાજીનામાના પગલે પંચાયતમાંથી સત્તા જશે કે શું ?

### નારાજ આગેવાનોએ આજે બેઠકનો પણ બહિષ્કાર કર્યો : પ્રદેશ નેતાઓનું ધ્યાન દોરાયુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીને પગલે ઉભી થયેલી નારાજગીને લઈ જિલ્લા પંચાયત કોંગ્રેસના હાથમાંથી સરકી જાય તે રીતે સમગ્ર પરિસ્થિતિ આગળ વધી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં ઉમેદવારની પસંદગી સામે વિરોધ વ્યક્ત કરવા માટે ૧૫ જેટલા સભ્યોએ તેમના હોદ્દા પરથી રાજીનામાના પત્રો જિલ્લા પ્રમુખને આપી દીધા છે અને આ મુદ્દે જો પ્રદેશ નેતાઓ પણ સભ્યો સાથે વાત ના કરે ત્યાં સુધી નિષ્ક્રીય થઈને બેસી રહેવાનો પણ આજે સભ્યોની મળેલી ખાનગી બેઠકમાં નિર્ણય લેવાયો હોવાની વાતોએ રાજકીય વાતાવરણ ગરમાવી દીધુ છે.

જિલ્લામાં આજે ખાસ કરીને ગાંધીનગર (દ)ની બેઠકને લઈ એક બેઠકનું આયોજન જિલ્લા કોંગ્રેસ સમિતિ ખાતે કરવામાં આવ્યું હતું પરંતુ સભ્યોની ગેરહાજરી અને આગેવાનોની પાંખી હાજરીએ જિલ્લાની નેતાગીરીને હચમચાવી દીધી છે. આ અંગે તાબડતોબ પ્રદેશ સમિતિને રિપોર્ટ પણ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. રિસાયેલા અને રાજીનામા ધરી દેનારા સભ્યોને મનાવવા માટે કદાચ જેમને જવાબદારી સોંપવામાં આવી છે તે નિરીક્ષકો આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લા પંચાતના સભ્યોએ જે રીતે રાજીનામા જિલ્લા પ્રમુખને સોંપ્યા છે તે જોતાં જિલ્લા પંચાયતની સત્તા ગુમાવવાનો વારો આવે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. નિરીક્ષકો દ્વારા કાર્યકરોની લાગણી નહિ પણ મનમાની કરવામાં આવી હોવાની વાતો પણ નારાજ કાર્યકરોમાં ખુલ્લેઆમ થઈ રહી છે. ગાંધીનગર જિલ્લામાં ઉમેદવારોની પસંદગી અંગે જે કંઈ પણ નિર્ણયો લેવાયા જેમાં કાર્યકરોની લાગણીની અવગણનાને કારણે નારાજગીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યુ છે અને તેની અસરો પરિણામ પર તો નહિ પડે ને તેવી વાતો રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે.

## 'પાસ'માં ડખો યથાવત્ : નવી કોર કમિટીની રચના હવે ચૂંટણી પછી

ગાંધીનગર, તા. ૨૮

પાટીદાર સમાજ માટે છેલ્લાં બે વર્ષથી અનામત આંદોલન ચલાવનાર 'પાસ' છેલ્લા કેટલાક સમયથી એક અથવા બીજા આંતરિક વિવાદમાં સપડાઈ રહ્યું છે. 'પાસ'ના રાષ્ટ્રીય કન્વીનર હાર્દિક પટેલ સામે વિભિન્ન આક્ષેપ થઈ રહ્યા હોઈ તમામ બાબતોએ રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે, જોકે કોંગ્રેસની અનામત ફોર્મ્યુલાનો મીડિયા સમક્ષ ગત તા.૨૨ નવેમ્બરે સ્વીકાર કરનાર હાર્દિક પટેલે 'પાસ'ના આંતરિક ડખાને ડામવા બીજા જ દિવસે નવી કોર કમિટીના ગઠનની જાહેરાત કરી હતી તેમ છતાં પાસમાં હજુ પણ મતભેદો હોવાના કારણે નવી કોર કમિટીની રચના વિધાનસભાની ચૂંટણી પત્યા પછી જ થશે.

હાર્દિક પટેલ દ્વારા ગત તા.૨૨ નવેમ્બરે અનામત અંગે કોંગ્રેસની અનામત ફોર્મ્યુલા સ્વીકારવા સહિત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને આડકતરો ટેકો પણ જાહેર કરાયો હતો. તે વખતે પાસ એ કોંગ્રેસ પાસે કોઈ ટિકિટ માગી નહોતી પરંતુ યુવાનોને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ તેવી ગોળ ગોળ વાતો કરી હતી. આ ઉપરાંત પાસની નવી કોર કમિટીની બીજા દિવસે ગઠન કરાશે તેવી જાહેરાત કરીને હાર્દિક પટેલે તેમ પણ જણાવ્યું હતું કે જે કોઈ કન્વીનરને કોંગ્રેસ તરફથી કે અન્ય કોઈ પક્ષ તરફથી ટિકિટ મળશે તો તેમણે પાસમાંથી રાજીનામું આપવું પડશે.

કોંગ્રેસ દ્વારા પહેલા તબક્કાની યાદીમાં ધોરાજીમાંથી લલિત વસોયા અને બીજા તબક્કાની યાદીમાં પાટણમાંથી ડોકટર કિરીટ સોલંકી એમ બે પાસના કન્વીનરને ટિકિટ ફાળવાઈ છે. પાસના આ બંને કન્વીનર કોર કમિટીના સભ્ય પણ છે. જોકે આશ્ચર્યજનક બાબત એ છે કે ખુદ હાર્દિકની જાહેરાત થતાં પણ આ બંને કન્વીનર આજે પણ કોર કમિટીના સભ્ય તરીકે યથાવત્ છે. જોકે પાસના આંતરિક વર્તુળો કહે છે કે કોંગ્રેસ હાઈકમાન્ડ સમક્ષ પાસે લલિત વસોયા, મનોજ પનારા, જયેશ પટેલ, નચીકેત મુખી, ગીતાબહેન પટેલ, દિલીપ સાંબવા, અલ્પેશ કથીરિયા સહિત ઓછામાં ઓછા દસ પાસના અગ્રણીઓને ટિકિટ આપવાની માગણી કરાઈ હતી.

લગ્નપ્રસંગે બહારગામ જનાર હજારો લોકો મતદાનથી વંચિત રહેશે

## મતદાનના દિવસોમાં લગ્નની મોસમ પૂરબહારમાં : ઉમેદવારો ચિંતિત

ગાંધીનગર, તા. ૨૮

વિધાનસભા ચૂંટણી-૨૦૧૭માં બંને તબક્કાના મતદાનના દિવસોની આસપાસ અમદાવાદ સહિત રાજ્યભરમાં લગ્નગાળાની સિઝન હોઈને રાજકીય મુરતિયાઓની ચિંતા વધી છે. અમદાવાદ અને આસપાસમાં જ અંદાજે ૨૫,૦૦૦ લગ્ન ડિસેમ્બરમાં યોજાયાં છે. ચૂંટણીમાં મતદાનની તારીખો અને લગ્નની તારીખો સાથે સાથે આવતી હોઈ મતદારો ઓછું મતદાન કરે તેવી શકયતા હોવાના કારણે રાજકીય પક્ષોની ચિંતા વધી છે.

ભાજપ અને કોંગ્રેસ સહિતની રાજકીય પાર્ટીઓએ વિધાનસભા ચૂંટણીની તારીખો લગ્નગાળામાં આવતી હોઈને ચૂંટણી મોડી કરવા માટે અને ૧૪ ડિસેમ્બર પછીની કોઈ પણ તારીખ રાખવા માટે દબાણ કર્યું હતું, જે ચૂંટણી પંચ ગ્રાહ્ય રાખ્યું નહોતું. જ્યોતિષ નરેશ રાવલના જણાવ્યા અનુસાર નવેમ્બર અને ડિસેમ્બરમાં લગ્નનાં માત્ર ૪-૪ મુહૂર્ત છે. ડિસેમ્બરમાં ૧૪ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી કમુરતાં શરૂ થશે તેના કારણે ત્યાર પછી કોઈ મુહૂર્ત ન હોઈને ચૂંટણીની તારીખમાં જ લગ્ન યોજાયા છે.

ડેસ્ટિનેશન મેરેજનું ચલણ હવે વધ્યું છે, જેમાં પરિવારો અને મિત્રવર્તુળો સાથે રાજ્યની બહાર જઈને ચાર-પાંચ દિવસ સમય ફાળવે છે. વેડિંગ માટે જયપુર, ઉદયપુર અને ગોવામાં બુકિંગ થયાં છે. શિયાળાની સિઝનમાં સૌથી વધુ લગ્ન યોજાય છે.

# પાટીદારોને અનામત પ્રશ્ને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો

### રવિશંકર પ્રસાદના કોંગ્રેસ પર આકરા પ્રહારો : ૫૦ ટકાથી વધુ અનામત મુદ્દે કોંગ્રેસ લોકો સમક્ષ રોડમેપ રજૂ કરે : કોંગ્રેસે રાષ્ટ્રહિતને અગાઉ બાજુ પર મૂક્યું હતું

અમદાવાદ, તા. ૨૮

કેન્દ્રીય કાયદાપ્રધાન રવિશંકર પ્રસાદે આજે અમદાવાદની મુલાકાત




દરમ્યાન કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, તકવાદી રાજનીતિનું ઉત્તમ ઉદાહરણ આજે ગુજરાતમાં કોંગ્રેસ બન્યું છે. કારણ કે, પાટીદારોને ગેરમાર્ગે દોરીને કોંગ્રેસ અનામત આપવાની વાત કરે છે તો કોંગ્રેસ કેવી રીતે ૫૦ ટકાથી વધુ અનામત આપશે તેનો રોડમેપ કોંગ્રેસ બતાવે. અનામત આપવાની વાત એ છેતરપીંડી છે કે દેખાડો છે તે કોંગ્રેસ સ્પષ્ટ કરે. અનામતના નામે મતોની સોદાગરી માટે કોંગ્રેસ પાટીદારોને છેતરવાનું બંધ કરે. સુપ્રીમકોર્ટના સાત જેટલા મહત્વના જજમેન્ટ ટાંકીને ભાજપના કેન્દ્રીય નેતાએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, સુપ્રીમકોર્ટના આઠ જજોની બેંચે ઈન્દ્રસહાની સહિતના કેસોમાં સ્પષ્ટ ઠરાવ્યું છે કે, ૫૦ ટકાથી વધુ અનામત કોઈ સંજોગોમાં ના મળી શકે. સુપ્રીમકોર્ટે આ મામલે સ્પષ્ટ કરી દીધુ હોવાછતાં કોંગ્રેસ પાટીદારોને કયા આધાર પર અને કેવી રીતે અનામત આપવાની વાત કરે છે તે સમજાતું નથી. પાટીદારો સાથે અનામતની લાલચ આપી મતો માટે છેતરપીંડી એ કોંગ્રેસની તકવાદી રાજનીતિની પરાકાષ્ટા છે. સરદાર પટેલને કોંગ્રેસે કરેલા ભારોભાર અન્યાય મુદ્દે પણ રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પર ચાબખા વરસાવ્યા હતા કે, સરદાર પટેલે ભાજપની ૫૫૪ રજવાડાઓને દેશમાં વિલીન કર્યા, જયારે જવાહરલાલ નહેરૂએ માત્ર એક કાશ્મીર રાજય હાથમાં લીધુ, જેનો પ્રશ્ન આજદિન સુધી નથી ઉકેલાયો. સરદાર પટેલના લીધે જ આજે ભારત દેશ એક અને અખંડ છે. આવા અખંડ ભારતા શિલ્પી સરદાર પટેલને તેમના ૧૯૫૦મા મૃત્યુના ૪૧ વર્ષ બાદ કોંગ્રેસે ભારત રત્નનો ખિતાબ આપ્યો તે બહુ અપમાનજનક વાત છે. આ ૪૧ વર્ષમાં નહેરૂ ૧૮ વર્ષ, ઈન્દિરા ગાંધી ૧૬ વર્ષ અને રાજીવગાંધી પાંચ વર્ષ સત્તામાં રહ્યા તો આ ૪૦ વર્ષોમાં પણ કેમ કોંગ્રેસને સરદાર પટેલને ભારત રત્ન આપવાનું યાદ ના આવ્યું અને આજે સરદાર પટેલ અમારા અધ્યક્ષ હતા એમ કહી કોંગ્રેસ રાજકીય લાભ ખાટવાનો હીન પ્રયાસ કરી રહી છે. તેમણે રાહુલ ગાંધી પર સીધા પ્રહાર કરતાં જણાવ્યું કે, મુંબઈ હુમલાના બે વર્ષ બાદ ૨૦૧૦માં રાહુલ ગાંધીએ અમેરિકાના રાજદૂત તીમોથી રોમરને લશ્કર એ તૌયબાની સરખામણીએ હિન્દુ ટેરર એટલે કે, ભગવા આંતક વધુ પડકારરૂપ અને ખતરનાક હોવાનું જણાવ્યું હતું અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આ મામલામાં જોડવાનો હીન પ્રયાસ કર્યો હતો જે શરમજનક કૃત્ય કહી શકાય.

## પટેલ સમાજ અમદાવાદ દ્વારા યુવક યુવતિ માટે જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજયમાં વસતા તમામ પાટીદાર સંતાનો માટે સમાજના આગેવાનો દ્વારા જીવનસાથી પસંદગી સમારોહ તા. ૨૫ નવેમ્બરથી ૩જી ડિસેમ્બર સુધી અમદાવાદ મુકામે યોજાશે. આ કાર્યક્રમમાં ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રી-મેરેજ તેમજ શારીરિક ખોડ-ખાંપણવાળા ઉમેદવાર ભાગ લઈ શકશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા ધરાવતા યુવક યુવતીઓએ સંપૂર્ણ બાયોડેટા તથા તાજેતરના કલર ફોટા સાથે વાલી સાથે રૂબરૂ મળવાનું રહેશે. પસંદગી મેળાનું સ્થળ આસ્થા કલીનીક, વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫ ખાતે રહેશે. વધુ માહિતી માટે સમાજના પ્રમુખશ્રીના મો. ૯૭૨૭૩૭૫૩૬૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## ગાંધીનગર ખાતે નેશનલ ફાર્મસી વીકની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૨૩ની કે.બી. ફાર્મસી કોલેજ ખાતે નેશનલ ફાર્મસી વીક ઉજવવામાં આવ્યું હતું. આયોજિત રિફ્રેશર કોર્સમાં ફાર્માસિસ્ટ્સને દવાઓ બનાવવાથી લઈને તેની આડ અસરો, જરૂરીયત મુજબનો હતી. આ સાથે રાષ્ટ્રીય સ્તરે ઉજવાઈ રહેલા નેશનલ ફાર્મસી વીકની ઉજવણી કરાઈ હતી. જેની થીમ 'નો યોર મેડિસિન : આસ્ક યોર



આ સાથે તા. ૨૫ અને ૨૬ નવેમ્બર દરમ્યાન યોજવામાં આવેલ બે દિવસીય રિફ્રેશર કોર્સમાં રાજ્યભરના ૨૨૦ જેટલા ફાર્માસિસ્ટે ભાગ લીધો હતો.

ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે ઉપયોગ કરવો તથા લેબલીંગ, પેકેજીંગ, સ્ટોરેજ, ડોક્યુમેન્ટેશન અને રેકોર્ડ ઉપરાંત પ્રિસ્ક્રિપ્શન હેન્ડલીંગ ટેકનિક, ડ્રગ-ડ્રગ ઈન્ટરેક્શન સહિત નોવલ ડ્રગ ડિલીવરી ટેકનોલોજી જેવા વિષયો પર તજજ્ઞો દ્વારા માહિતી પુરી પડાઈ ફાર્માસિસ્ટ' રાખવામાં આવી હતી. આ પ્રસંગે જીએસપીસીના રજીસ્ટ્રાર જી.સી. મેકવાન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જીએસપીસીના હોદ્દેદારો અને ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ સહિત કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી.

## ચૂંટણીપંચે અપક્ષોને અવનવા પ્રતીક ફાળવ્યા, ૩૩ નવા પક્ષોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું

# કોઈને ભીંડા, કોઈને અખરોટ તો કોઈને તરબૂચ કે પછી નૂડલ્સ!

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવા માટે ૩૩ નવા પક્ષોએ ઈલેકશન પંચ પાસે ચૂંટણી પ્રતીક માગતાં આ ચૂંટણીમાં મુખ્ય પક્ષો ઉપરાંત નવા ૩૩ પક્ષો ચૂંટણી મેદાનમાં ઝંપલાવશે . કેટલાક ઉમેદવારોએ ચૂંટણી માટે એક તબક્કે ચિહ્ન જોઈને લોકોને હસવું આવી જાય તેવા રમૂજભર્યા ચૂંટણી પ્રતીકો રાખ્યા છે.

આ પ્રતીકોમાં અખરોટ, તરબૂચ, કૂવો, ઠેલાગાડી, સીટી (વ્હીસલ), ઊન અને સોયો, ટ્રેકટર ચલાવતો ખેડૂત, ટ્રે, ત્રિકોણ, ટ્રક, ભૂંગળવાજું, ટાઈપરાઈટર, ટાયર, વેક્યુમ કલીનરનાં પ્રતીક ફાળવાયાં છે. વાયોલિન, ચાલવાની લાકડી, ખીંટી, પર્સ, ઝુલો, સિરીઝ (ઈંજેકશન સિરીઝ) મેજ, ચાની ગળણી, ટેલિફોન, ટેલિવિઝન (ફ), ટેનિસ રેકેટ અને દડો, તંબુ (ટેન્ટ), ટ્રોફી, ટીલર, ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, કરબત, દફતર, (સ્કૂલ બેગ) કાતર, કૂદવાની દોરી, પાટી (સ્લેટ), સાબુદાની, મોજાં (પગમાં પહેરવાનાં મોજાં), કેટલાક ઉમેદવારોએ ભોજનની થાળીને પણ તેમના ચૂંટણી સિમ્બોલમાં સમાવી લીધી છે.

ચૂંટણીપંચે પ્રેશરકુકર, સીવવાનો સંચો જેવી ચીજવસ્તુઓને ચૂંટણી પ્રતિક બનાવ્યું છે. સ્ટેપ્લર, સ્ટેથોસ્કોપ, સ્ટૂલ, થાળી મૂકવાનું સ્ટેન્ડ, પાણી ભરવાનો ઘડો, પ્રેશરકૂકર, રેઝર, ફ્રીઝ, વીંટી, રોડ રોલર, રૂમ કૂલર, રૂમ ગીઝર, સેફ્ટી પિન, પેન્સિલ, પેન્સિલની અણી કાઢવાનો સંચો (શાર્પનર), ઘડિયાળનું લોલક, ખાંડણી મોબાઈલ ચાર્જર જેવા ચૂંટણી પ્રતિકો રાખ્યા છે.

તો કેટલાકે ઓશીકું, પાઈનેપલ, લેલું, લાઈટર, લંચબોક્સ, માઈક દીવાસળીની પેટી, મિક્સ્ચર, નેકટાઈ, નેઈલ કટર, નૂડલ્સ ભરેલું બાઉલ, કડાઈ, પેન્ટ, મગફળી, નાસપતિ, લીલું મરચું, ભીંડા, હાર્મોનિયમ સેટ, હેટ, હેડફોન, હેલ્મેટ, હોકી-દડો, આઈસક્રીમ, ઈસ્ત્રી, ટપાલપેટી, દરવાજાનો આગળો, વાંસળી, ફુવારો, ફ્રોક, ફ્રાઈંગ પેન, ગળણી, ગેસ સ્ટવ, ગિફ્ટ પેક, ગેસ સિલિન્ડર સહિતના પ્રતીકોની પસંદગી આ ચૂંટણી માટે કરી છે.

ચૂંટણી પંચ દ્વારા કુલ ૩૩ પક્ષોને નવા ચૂંટણી પ્રતીકની ફાળવણી કરાઈ છે, જેમાં ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન પાર્ટીને ટ્રેકટર ચલાવતો ખેડૂત, જનતા કોંગ્રેસ પાર્ટીને કપ-રકાબીનું પ્રતીક, ભારતીય ટ્રાયબલ પાર્ટીને ઓટોરિક્ષા, જનવિકાસ પાર્ટીને વાંસળી, ઈન્ડિયન બિઝનેસ પાર્ટીને ક્રિકેટ બેટ, આપની સરકાર પાર્ટીને કાતર, ગુજરાત જન ચેતના પાર્ટીને ડાયમન્ડનું પ્રતીક, રાષ્ટ્ર મંગલ પાર્ટીને ટોર્ચ-બેટરી, લોક વિકાસ મંચને બેટસમેન્ટ, હરિયાણા સર્વ જન પાર્ટીને બકેટ, હિન્દુસ્તાન શક્તિ સેનાને પ્લેટ, શંકરસિંહ વાઘેલાની જન વિકલ્પ પાર્ટીને ટ્રેક્ટર, લોકશક્તિ પાર્ટીને કોટ, ભારતીય બહુજન કોંગ્રેસને ગળાનો મણકો, યુવા પાર્ટીને દૂરબીન, રાષ્ટ્રીય માનવ વિકાસ પાર્ટીને પેન્સિલ બોક્સ, મહાન ભારતીય સંગઠન પાર્ટીને ચેઈન આ પ્રકારનાં ચૂંટણી પ્રતીક ફાળવાયાં છે.

## ભરતસિંહના બોગસ રાજીનામું વાયરલ કેસમાં ફરિયાદ કરાઈ

### અગાઉ પ્રમુખ ભરતસિંહ સોલંકીની સહી સાથે કોંગ્રેસના ઉમેદવારોની યાદી સોશ્યલ મીડિયામાં ફરતી કરાઈ હતી

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના બનાવટી રાજીનામુ સોશ્યલ મીડિયામાં ફરતું કરવાના પ્રકરણમાં કોંગ્રેસપક્ષ તરફથી આજે શહેરના એલિસબ્રીજ પોલીસમથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. એલિસબ્રીજ પોલીસે આઈપીસીની કલમ-૪૬૫,૪૬૮ અને ૪૬૯ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. થોડા દિવસ પહેલાં જ કોંગ્રેસના લેટરહેડ પર પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની સહી સાથે કોંગ્રેસના ઉમેદવારોની યાદી સોશ્યલ મીડિયામાં ફરતી કરવાના પ્રકરણમાં કોંગ્રેસની ચૂંટણી સંકલન સમિતના પ્રમુખ બાલુભાઈ પટેલે હાઈકોર્ટના એડવોકેટ નિકુંજ બલ્લર મારફતે રાજય ચૂંટણી પંચ અને શહેર પોલીસ કમિશનરમાં ફરિયાદ કરી હતી. જે પ્રકરણમાં શહેર ક્રાઈમબ્રાંચના સાયબર સેલને તપાસ સોંપવામાં આવી છે. ત્યાં હજુ ત્રણ-ચાર દિવસ પહેલાં જ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીનું બનાવટી રાજીનામુ કોંગ્રેસના લેટરહેડ પર લખી સોશ્યલ મીડિયામાં વાયરલ કરાયું હતુ, જેને લઈ ચૂંટણીના માહોલમાં ગુજરાતનું રાજકારણ ભારે ગરમાયું હતું. જો કે, સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ આજે શહેર કોંગ્રેસ સમિતના ઉપપ્રમુખ દલસુખભાઈ પટેલે એલિસબ્રીજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, કોંગ્રેસને બદનામ કરવાના ઈરાદાથી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીનું રાજીનામું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના બનાવટી લેટરહેડ પર બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કરાયું છે. જે નકલી રાજીનામું વાયરલ કરાયું હતું, તે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને ઉદ્દેશીને લખાયું હતું અને સાત ફકરાના અંતે ભરતસિંહ સોલંકીની ખોટી સહી પણ કરાયેલી હતી. રાજીનામાના પત્રના અંતમાં આ રાજીનામાની નકલ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને રાષ્ટ્રીય નેતા એહમદ પટેલને પણ રવાના કરાઈ હોવાનો ઉલ્લેખ કરાયો હતો. આ ખૂબ જ ગંભીર બાબત હોઈ કોંગ્રેસ તરફથી કોંગ્રેસના લેટરહેડનો દૂરપયોગ અને સોશ્યલ મીડિયામાં કોંગ્રેસની બદનામી કરવાના કાવતરાનો પર્દાફાશ કરી આ પ્રકરણમાં સંડોવાયેલા ગુનેગારોને તાત્કાલિક પકડી સખત સજા કરવા માંગણી કરવામાં આવી છે. એલિસબ્રીજ પોલીસે કોંગ્રેસની આ ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### માલેતુજાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાખની જંગમ મિલ્કત અને ૧.૫૦ કરોડની સ્થાવર મિલ્કત હોવાનુ દર્શાવાયુ છે. ગાંધીનગરમાં ઉત્તરની બેઠક પરથી એન સી પીમાં થી ચુંટણીમાં ઉમેદવારી નોંધાવનાર રોહીત નાયાણી પાસે ૩૫.૮૫ લાખની જંગમ મિલ્કત છે. વિધાનસભાની ચુંટણીમાં જિલ્લાની પાંચેય બેઠકો પર ઉમેદવારી નોંધાવનારા મોટાભાગના ઉમેદવારો કરોડપતિ છે.

### સીધો સંવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**છેલ્લી બે ટર્મની દાવેદારીના અંતે આ ચુંટણીમાં પણ પક્ષે ટીકીટ ન આપતા પક્ષ માટે શુ વિચારો છો ?**

આ અંગે નિશિત વ્યાસે જણાવ્યુ હતુ કે અન્યને સાચવવા માટે પક્ષના સૈનિકે બલિદાન આપવા કાયમ તૈયાર રહેવુ પડે છે. કોંગ્રેસ પાર્ટીને પણ વિશ્વાસ હતો કે ટીકીટના લીધે પક્ષ સાથે નાતો નહીં તોડુ.

**તમને ટીકીટ મળી હોત તો જીતના ઉમેદવાર બની શકત?**

તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યુ હતુ કે સો ટકા જીત નિશ્ચિત હતી. કોંગ્રેસના ટ્રેડીશ્નલ વોટર્સ પરિવારનો મત વિસ્તાર સાથે નાતો અને કાર્યકરોનો ઉતસાહ બેવડાવાની સાથે મતદારોનો સાથ પણ વિજેતા બનાવી શકત . પાટીદાર , વણિક , બ્રાહ્મણ પ્રજાપતિ ,જૈન સમુદાયના મતદાતાઓ સાથે પણ ઘનિષ્ઠ નાતો હોવાથી મત મેળવવામાં પણ સરળતા રહેતઆ ઉપરાંત સંસ્થાકીય અને સામાજિક અને વ્યવસાયિકક્ષેત્રે પણ સંવાદથી આગળ અંગત સંબંધોનો નાતો છે. જે ચુંટણી પરિણામમાં જીતનો રંગ નિખારી શકત.

હવે આગળની રાજકીય ગતિવિધિઓ શુ રહેશે. તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યુ હતુ કે પક્ષના વફાદાર સૈનિકની ભુમિકા જ અદા કરીશ કોંગ્રેસ પક્ષ જે જવાબદારી સોંપશે તે નિભાવીશ.

**ગાંધીનગર ઉત્તરની બેઠક કોંગ્રેસના પોકેટમાં જશે કે કેમ ?**

હા ચોકક્સ ગાંધીનગરની બેઠક પર હાઈકમાન્ડના વિચારના અંતે જે ઉમેદવારને ટીકીટ મળી છે તે જીતના ઉમેદવાર બનશે કોંગ્રેસના ઉમેદવાર સફળ રહેશે.

**આગામી ચુંટણીમાં કોંગ્રેસનો વિજય થશે કે કેમ ?**

તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ કે માત્ર ગાંધીનગરમાં જ નહીં સમગ્ર રાજયમાં કોંગ્રેસનો વિજય થશે કારણ કે ગુજરાતના ૬.૫૦ કરોડ નાગરિકો પૈકી આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ સંતુષ્ટ છે.ભાજપના ૨૨ વર્ષના કુશાસનના લીધે કીસાન,યુવાન,મધ્યમવર્ગ તેમજ ઉચ્ચ મધ્યમવર્ગ પણ ત્રાહીમામ પોકારી ગયો છે.પ્રજા ભાજપની વિમુખ થઈ છે.પ્રજા ખોબે ખોબે મતથી કોંગ્રેસને આશીર્વાદ આપે તેવી અપીલ કરુ છુ.

### સુપ્રીમનો ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચલુ

છે. પદ્માવતિ ફિલ્મને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે કેટલાક રાજ્યોના મુખ્યપ્રધાનો અને નેતાઓ દ્વારા કરવામાં આવેલા નિવેદનને લઈને સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સાથે સાથે ચિંતા પણ વ્યક્ત કરી છે. કેટલાક રાજ્યોના મુખ્યપ્રધાનો અને નેતાઓએ દ્વારા હાલમાં નિવેદન કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે નિવેદનબાજી કરનાર નેતાઓને સલાહ આપતા કહ્યુ હતુ કે જ્યારે આ ફિલ્મ રજૂ થઈ રહી નથી અને પેન્ડિંગ છે ત્યારે ટોપ પોસ્ટ પર રહેલા લોકો કઈ રીતે નિવેદન કરી શકે છે. સેન્સર બોર્ડને આ ફિલ્મને મંજુરી આપવી જોઈએ કે નહી તે અંગે નિવેદન કઈ રીતે કરી શકે છે. સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી કરતી વેળા કહ્યુ હતુ કે આવી નિવેદનબાજી કરવાથી સેન્સર બોર્ડના નિર્ણયને પણ અસર થઈ શકે છે. બીજી બાજુ કોર્ટમાં ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણશાળી તરફથી કોર્ટમાં રજૂ થયેલા હરીશ સાલ્વેએ કહ્યુ હતુ કે ફિલ્મને બીજા દેશોમાં ભારતમાં મંજુરી મળતા પહેલા રજૂ કરવામાં આવનાર નથી. બીજા દેશોમાં પહેલી ડિસેમ્બરના દિવસે ફિલ્મને રજૂ કરવાની તૈયારી કરવામાં આવી હોવાની બાબતને ખોટી ઠેરવી છે.

### પ્રચાર સભાઓ... ● અનુસંધાન પહેલાનું ચલુ

વાગે સોમનાથના પ્રાચી ખાતે પહોંચશે. બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ ભાવનગરના પાલિતાણામાં પહોંચશે. આવી જ રીતે બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ તેમની નવસારીમાં સભા થનાર છે. ગુજરાતમાં મોદી ચૂંટણી પ્રચારનુ રણશિંગુ ફુંકી ચુક્યા છે. પ્રથમ તબક્કાની ૮૯ સીટ માટે પ્રચારનો પવનવેગી પ્રારંભ પણ કરી ચુક્યા છે. મોદીના આક્રમક ચૂંટણી પ્રચાર ઉપર હવે તમામ રાજકીય પક્ષોની પણ નજર રહેશે. મોદી જે સ્થળોએ જાહેરસભા સંબોધવાના છે તે સ્થળે આસપાસના અન્ય વિધાનસભા ક્ષેત્રોને પણ આવરી લેવાશે. એટલે કે, ત્યાંથી પણ સ્થાનિક લોકો, ગ્રામજનો અને ભાજપના કાર્યકરો-આગેવાનો આ સભાઓમાં ભાગ લેશે. ગઈકાલે સોમવારના દિવસે મોદીએઅ ધારણા પ્રમાણે જ જોરદાર પ્રચાર કરીને કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા અને સાથે સાથે ૧૫૦થી વધારે સીટો જીતવા માટેનો દાવો પણ કર્યો હતો. કોંગ્રેસ પાર્ટી પર જુદા જુદા

મુદ્દા પર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણીને લઈને હવે વધારે સમય રહ્યો નથી ત્યારે ચૂંટણી પ્રચાર આસમાને છે. બન્ને પાર્ટીઓ ભાજપ અને કોંગ્રેસે આ વખતે તમામ તાકાત ચૂંટણીમાં લગાવી દીધી છે. એકબાજુ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી જીએસટી અને નોટબંધીને લઈને સતત પ્રહારો કરી રહ્યા છે.